તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૪ ૧૫ નવેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; કારતક વદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
6

# દેશભરના માર્ગો પર ચક્કાજામ

**હજારો ટ્રકો હાઈવે ઉપર ફસાઈ, જરૂરી સેવાને અસર : ૩૦ લાખ પૈકી ૯૦ ટકા ટ્રક દેશના જુદા જુદા માર્ગો પર અટવાઈ : દેશના કેટલાક હાઈવે પર ૧૫ કિલોમીટર સુધી ટ્રકની લાંબી લાઈનો લાગી રોકડની પરેશાની હોવાથી અડચણો : ચીજવસ્તુઓના ભાવ વધવાની શક્યતા**



નવી દિલ્હી,તા. ૧૪

રોકડના સંકટ વચ્ચે હજારો ટ્રક દેશના નેશનલ હાઈવે પર અટવાઇ પડી છે. જેના કારણે જીવન જરૂરી ચીજવસ્તુઓ સમયસર પહોંચી શકશે કે કેમ તેને લઈને મોટી સમસ્યા ઉભી થઈ ગઈ છે. લોજિસ્ટિક્સ ફર્મ અને ટ્રાન્સપોર્ટ ઓપરેટર્સ કહે છે કે ૩૦ લાખ પૈકી આશરે ૯૦ ટકા ટ્રક છેલ્લા બે ત્રણ દિવસથી દેશના જુદા જુદા માર્ગો પર અટવાયેલા છે. જેના કારણે અનેક તકલીફ આવી રહી છે. આના કારણે ભાવ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. હકીકતમાં પેટ્રોલ પંપ, સ્ટેટ હાઈવે અને ટોલ કલેકશન પોસ્ટ અને નાના રેસ્ટોરન્ટમાં તકલીફ આવી રહી છે. આ તમામ લોકો જુની ૫૦૦ અને ૧૦૦૦ની નોટ સ્વીકાર કરી રહ્યા નથી. આવી સ્થિતીમાં કોમોડિટીઝ, શાકભાજી અને દાળ તેમજ અન્ય ફુડ પ્રોડક્ટસની કિંમતોમાં વધારો થઈ શકે છે. આવી સ્થિતીમાં ચીજવસ્તુઓની અછત પણ સર્જાઇ શકે છે. આગામી દિવસોમાં ચીજવસ્તુઓની કિંમત વધી જવાની સ્થિતીમાં સામાન્ય લોકોને તકલીફ થઈ શકે છે. દેશમાં આશરે એક કરોડ કોમર્શિયલ ગાડી ચાલે છે. ઈન્ડસ્ટ્રીઝના આંકડા મુજબ આમાંથી ૩૦ લાખ ટ્રક એક શહેરથી બીજા

● અનુસંધાન પાન-૭ પર

## શિયાળુ સત્ર તોફાની બને તેવા સ્પષ્ટ સંકેત

નવી દિલ્હી,તા. ૧૪

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મકવામાં આવ્યા બાદ વિરોધ પક્ષો સરકારને સંસદમાં ભીંસમાં લેવાની તૈયારી કરી રહ્યા છે. નોટ ઉપર પ્રતિબંધ મુકવાના બહાને મમતા બેનર્જી તમામ રાજકીય પક્ષોને એક મત કરવાના પ્રયાસમાં છે.

બિનભાજપ રાજકીય પક્ષોને એકમત કરવામાં આવી રહ્યા છે. મમતા બેનર્જીએ પોતાના નક્કર હરીફ સીપીએમના મહાસચિવ સીતારામ યેચુરીને પણ ફોન કરીને સરકારના નિર્ણયની સામે એકમત થવા માટે અપીલ કરી છે.

## જુની નોટ જરૂરી સેવા માટે ૨૪મી સુધી ચાલશે

**નોટ પર પ્રતિબંધ મુદ્દે મહત્વપૂર્ણ બેઠકમાં નિર્ણય લોકોની પરેશાનીને ધ્યાનમાં લઈને નિર્ણય લેવામાં આવ્યો કેશ ડિપોઝિટનો આંક બેંકોમાં ૧.૫ લાખ કરોડથી વધારે**




નવી દિલ્હી,તા. ૧૪

નોટ પર પ્રતિબંધને લઈને લોકોને થઈ રહેલી ભારે તકલીફના મુદ્દે સરકારે હવે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટને જરૂરી સેવા માટે ઉપયોગ કરવાની મર્યાદાને ૧૪મી નવેમ્બરથી વધારીને ૨૪મી નવેમ્બર કરી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આવાસ પર મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં નોટ પર પ્રતિબંધ બાદ ઉભી થયેલી સ્થિતી પર ચર્ચા વિચારણા કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# નોટ બંધીમાં રાહત આપવા શ્રેણીબદ્ધ જાહેરાત

**કરન્ટ એકાઉન્ટમાંથી વેપારીઓ અઠવાડિયે એક સાથે ૫૦ હજાર ઉપાડી શકશે : આરબીઆઈના ડેપ્યુટી ગવર્નરના નેતૃત્વ હેઠળ ટાસ્ક ફોર્સ : મોટી સંખ્યામાં એટીએમને રિકેલિબ્રેટ કરવાની કામગીરી શરૂ : ટાસ્ક ફોર્સમાં રહેલી ટીમને બેંકો અને સંસ્થાઓ સાથે કામ કરવા માટે અનેક સત્તા અપાઈ**

નવીદિલ્હી,તા. ૧૪

નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ લોકોને થઈ રહેલી ભારે તકલીફ વચ્ચે સરકારે રાહત આપવા માટે અનેક પગલા લીધા છે જેના ભાગરુપે સરકારે આજે આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર એસએસ મુંદ્રાના નેતૃત્વ હેઠળ એક ટાસ્ક ફોર્સની રચના કરી દીધી છે. એટીએમને રિકેલિબ્રેશન અથવા તો ફરી વ્યવસ્થિત કરવા માટેની કામગીરીને ઝડપી કરવામાં આવી રહી છે. દેશભરમાં એટીએમો ફરીથી શક્ય તેટલી વહેલી તકે નોટ લોકોને આપી શકે તે માટેની તૈયારી કરવામાં આવી ચુકી છે. આર્થિક બાબતોના સેક્રેટરી શશીકાંત દાસે આજે કહ્યું હતું કે, ડેપ્યુટી ગવર્નરના નેતૃત્વ હેઠળ ટાસ્ક ફોર્સની રચના

● અનુસંધાન પાન-૭ પર



## નેશનલ હાઈવે પર ૧૮મી સુધી કોઈ ટોલ ચાર્જ નહીં

**વાહનોની અવરજવરને સાનુકુળ બનાવવા નિર્ણય : સિનિયર સિટિઝનો અને વિકલાંગ લોકો માટે બેંકો ઉપર જુદી લાઈન બનાવવા માટેનો પણ મહત્વનો નિર્ણય**

નવીદિલ્હી,તા. ૧૪

નાણામંત્રાલય દ્વારા આજે સ્પષ્ટતા કરવામાં આવી છે કે, એટીએમ ઉપાડની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. ૨૦૦૦ના બદલે ૨૫૦૦ રૂપિયાની મર્યાદા કરવામાં આવી છે પરંતુ આ મર્યાદા એવા જ એટીએમમાં લાગૂ થશે જ્યાં એટીએમને રિકેલિબ્રેટેડ કરવામાં આવી ચુક્યા છે. આમા ૨૦૦૦ રૂપિયાની નોટ ઉમેરવામાં આવી ચુકી છે. નાણા મંત્રાલયના અધિકારીઓએ લોકોને થઈ રહેલી તકલીફોને ઘટાડવા માટે વિવિધ પગલા અંગે માહિતી આપી છે. વિકલાંગ લોકો માટે બેંકોમાં અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. સિનિયર સિટિઝનો માટે પણ અલગ લાઈનો બનાવવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રવિવારે મોડી રાત્રે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી જેમાં શ્રેણીબદ્ધ નિર્ણય કરાયા હતા. આ ઉપરાંત અન્ય મહત્વપૂર્ણ નિર્ણય પણ લેવાયા હતા. જેના ભાગરુપે સરકારે નેશનલ હાઈવે ઉપર કોઈપણ ટોલ ચાર્જ ૧૮મી નવેમ્બર સુધી નહીં લેવાનો નિર્ણય કર્યો છે. આ મહેતલને ફરી એકવાર વધારી દેવામાં આવી છે. હવે ૧૮મી નવેમ્બરે રાત્રિ સુધી આ મહેતલ અમલી રહેશે. દેશના તમામ નેશનલ હાઈવે ઉપર વાહનોની અવરજવરને કોઈ અસર ન થાય તેની ખાતરી કરવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. આનાથી બેંકો અને એટીએમની બહાર લાંબી લાઈનોથી પણ લોકોને રાહત મળી શકશે. તમામ સંબંધિતોને આ અંગેની જાણ કરી દેવામાં આવી છે જેમાં બીઓપી અને ઓએમટી ઓપરેટરોનો સમાવેશ થાય છે. ટોલ સસ્પેન્સની તારીખ લંબાવવા અંગે જાણ કરી દેવામાં આવી છે. સૌથી પહેલા ૧૧મી નવેમ્બરે અડધી રાત સુધી નેશનલ હાઈવે પર કોઈ ટોલ ફી વસુલ નહીં કરવાનો નિર્ણય કરાયો હતો. ત્યારબાદ આ મહેતલને ૧૪મી નવેમ્બર સુધી વધારવામાં આવી હતી અને આને ૧૮મી નવેમ્બર સુધી વધારી દેવામાં આવી છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ કહ્યું છે કે, અમે પરિસ્થિતિની સમીક્ષા કરી ચુક્યા છે અને તમામ બાબતોની નોંધ લીધા બાદ આ નિર્ણય કરવામાં આવ્યો છે.

# દેશભરમાં હજુ આર્થિક અંધાધુંધી

**અંધાધૂંધી અને અફડાતફડીનો અંત લાવવા મોદી પોતે સક્રિય : મોદી દર બે કલાકે માહિતી મેળવવામાં વ્યસ્ત : સંબંધિત અધિકારીઓ પાસેથી સતત માહિતી મેળવી રહ્યા છે : બેંકોમાં વધુ પ્રમાણમાં ૨૦૦૦ અને અન્ય નોટો મોકલાઈ : ચાર દિવસમાં તકલીફ ખતમ**






નવી દિલ્હી,તા. ૧૪

નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ભારે અંધાધૂંધી જારી છે ત્યારે આ પરિસ્થિતિને હળવી કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી રહ્યા છે. સંબંધિત અધિકારીઓ પાસેથી દરેક બે કલાકમાં માહિતી વડાપ્રધાન મોદી પોતે મેળવી રહ્યા છે. તેમને તમામ આંકડા સાથે માહિતી સતત આપવામાં આવી રહી છે. લોકો લાઈનમાં ઉભા રહીને કઈરીતે પૈસા ઉપાડી રહ્યા છે તે અંગેની માહિતી પણ આપવામાં આવી રહી છે. ચાર દિવસની અંદર બેંકોમાં ૩ લાખ કરોડથી પણ વધુની રકમ જમા કરવામાં આવી છે. એકલા એસબીઆઈમાં ૭૫૯૪૫ કરોડ રૂપિયાની રકમ જમા કરવામાં આવી છે. કસ્ટમરોને સતત સુવિધા આપવાના પ્રયાસ થઈ રહ્યા છે. આગામી ચાર દિવસમાં ૨૦૦૦ રૂપિયાની વધુ નોટ પણ બેંકો પાસે મોકલવામાં આવશે જેથી ત્રણ ચાર દિવસમાં અફડાતફડીનો અંત આવશે. કરેન્સી સિચુએશનને મેનેજ કરનર સરકારી અધિકારીઓએ ખાતરી આપીછે કે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આગામી ચાર દિવસમાં જ હાલમાં જ જારી અંધાધુંધી અને અરાજકતાનો અંત આવી જશે. તેમણે કહ્યુ છે કે બેંકો એ એટીએમમાં ગુરૂવાર સુધી સ્થિતી સામાન્ય બનવાની આશા દેખાઈ રહી છે. અધિકારીઓએ કહ્યુ છે કે કેન્દ્ર સરકાર તરફથી એવા પગલા લેવામાં આવી રહ્યા છે કે જેથી આગામી ચાર દિવસમાં સ્થિતી બિલકુલ સામાન્ય બની જશે. એખ અધિકારીએ કહ્યુ છે કે બેંક હાલમાં દરરોજ ત્રણ કરોડ લોકોને સર્વિસ આપી રહી છે. આ સપ્તાહમાં જ આ આંકડો વધીને ૪-૫ કરોડ સુધી પહોંચી જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે સ્થિતી પર નજર રાખી રહ્યા છે.

મોદી દરેક બે કલાકમાં લોકો પાસેથી માહિતી મેળવી રહ્યા છે. સ્થિતીને લઈને દરેક બે કલાકમાં માહિતી મેળવી લેવામાં આવી રહી છે. સંબંધિત અધિકારી સ્થિતીને સામાન્ય બનાવવામાં લાગેલા છે.







